# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૫૨ | ૫ માર્ચ, ૨૦૧૯, મંગળવાર; મહા વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# દુશ્મનોના ઘરમાં ઘુસીને મારીશું : મોદી



## ન્યુ સિવિલના લોકાર્પણ વેળા મોદી આતંકવાદ મુદ્દે આક્રમક દેખાયા : સેના પર સવાલ ઉઠાવનારાઓને ક્યારેય માફ ન કરી શકાય : રાજકીય રોટલા શેકનારા સેનાનું મનોબળ તોડી રહ્યા છે : આતંકવાદ સામે લડી લેવું એ મારી પ્રતિબદ્ધતા છે : નરેન્દ્ર મોદી

અમદાવાદ,તા.૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત યાત્રાના પ્રથમ દિવસે આજે તમામ જગ્યાઓએ આતંકવાદના મુદ્દા ઉપર આક્રમક દેખાયા હતા. આજે પ્રથમ દિવસે વિવિધ કાર્યક્રમોમાં ભાગ લીધા બાદ મોડેથી અમદાવાદ શહેરના અસારવા ખાતે આવેલી ન્યુ સિવિલ હોસ્પિટલનું ઉદ્‌ઘાટન કરવા પહોંચ્યા હતા. અહીં મોદી તેમના અસલ આક્રમક અંદાજમાં દેખાયા હતા. આતંકવાદના મુદ્દા ઉપર વાત કરતા મોદીએ કહ્યું હતું કે, ૪૦ વર્ષથી આતંકવાદની પીડા ભારતના લોકોએ સહન કરી છે પરંતુ હવે આ પીડા સહન કરાશે નહીં. હવે કોઈ આંખ ઉઠાવીને જોશે તો અમે ઘરમાં ઘુસીને મારીશું. અમારો સ્વભાવ વીણી વીણીને હિસાબ કરવાનો રહ્યો છે. ઘરમાં ઘુસીને હુમલા કરવામાં આવશે. વિપક્ષ ઉપર પ્રહાર કરતા તેમણે કહ્યું હતુ કે, હવાઈ હુમલાથી વિપક્ષ પણ પરેશાન છે. સેનાના પરાક્રમ ઉપર પ્રશ્નો ઉઠાવવામાં આવી રહ્યા છે. મોદીએ કહ્યું હતુ કે, તેમને માત્ર દેશની ચિંતા છે. સત્તાની કોઈ ચિંતા નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી સિવિલ ખાતે ઉદઘાટન કર્યા બાદ તમામ લોકોને દેશમાટે શહિદ થયેલા લોકોને ફોનની બેટરી ચાલુ રખાવીને જય ઘોષ બોલાવ્યો હતો. અને તેમણે કહ્યું કે મન કરી રહ્યું છે, કે આજે બધુ જ કહી દઉ. આજે અદાવાદના વિકાસમાં સૌથી મહોત્વનો દિવસ છે. આજે અમદાવાદમાં મેટ્રો રેલનું ઉદઘાટન કરવામાં આવ્યું છે. સાથે જ ફેઝ-૨નું સિલાન્યાસ પણ કરવામાં આવ્યું છે. વડાપ્રધાને કહ્યું કે, આજે અમદાવાદના સપનાની સાથે મારુ પણ સપનું પૂર્ણ થયું છે. ઉત્તરાયણમાં જેમ લોકો ધાબા પર ચડીને પતંગ ચકાવે છે. તેમ આજે અમદાવાદે ધાબા પર ચડીને મેટ્રોનું સ્વાગત કર્યું છે. એક પૂર્ણ થઈ જાય એટલે અમે મુકતા નથી બીજીના શરૂઆત પણ કરીએ છીએ.

● અનુસંધાન પાના ૭ પર

# પાકિસ્તાનનો પુનઃ ગોળીબાર

## છેલ્લા સાત દિવસમાં જ ૫૦થી વધુ વખત ગોળીબાર કરાયો : ભારત દ્વારા ત્રાસવાદીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવ્યા બાદ હચમચી ઉઠેલા પાકિસ્તાન દ્વારા સરહદ ઉપર યથાવતરીતે ગોળીબાર : પરિસ્થિતિ ખુબ તંગ

જમ્મુ,તા. ૪

પાકિસ્તાની સેનાએ જમ્મુ કાશ્મીરના અખનુર સેક્ટરમાં અંકુશ રેખા ખાતે અગ્રીમ ચોકીઓ અને ગ્રામીણ વિસ્તારોને ટાર્ગેટ બનાવીને આજે જોરદાર ગોળીબાર કર્યો હતો. સરહદ પર સતત ગોળીબારમાં બે દિવસ સુધી બ્રેક રહ્યા બાદ હવે ફરી ગોળીબાર કરવામાં આવ્યો છે. સરહદ પારથી કરવામાં આવેલા ગોળીબારમાં કોઈને ઈજા થઈ નથી. વહેલી પરોઢે ત્રણ વાગે ગોળીબારની શરૂઆત કરવામાં આવ્યા બાદ સવાર સુધી ગોળીબાર જારી રહ્યો હતો. સંરક્ષણ પ્રવકતાએ કહ્યુ હતુ કે મોર્ટાર શેલ અને નાના હથિયારો મારફતે પાકિસ્તાની સેનાએ ઉશ્કેરણીવગર ગોળીબાર કર્યો હતો. પ્રવકતાએ કહ્યુ છે કે ભારતીય સેનાએ જોરદાર જવાબી કાર્યવાહી કરી હતી. પાકિસ્તાનના ગોળીબારમાં ભારતના પક્ષને કોઈ નુકસાન થયુ નથી. શનિવારના દિવસે રાજૌરી જિલ્લામાં નૌશેરા ખાતે સરહદ પારથી ગોળીબાર કરવામાં આવ્યા સિવાય શુક્રવારના દિવસે ગોળીબાર કરવામાં આવ્યો ન હતો. સરહદ પર ગોળીબારમાં ઘટાડો થતા સરહદે રહેતા લોકોને રાહત થઈ છે.



# જૈશ-એ-મોહમ્મદનો આકા મસૂદ અઝહર જીવિત છે : પાકિસ્તાન મિડિયા

## પાક.ન્યૂઝ ચેનલોએ મસૂદ અઝહરના મોતની ખબરને અફવા ગણાવી

ન્યુ દિલ્હી,તા.૪

પાકિસ્તાની મીડિયાએ દાવો કર્યો છે કે મોસ્ટ વોન્ટેડ આતંકવાદી અને જૈશ-એ-મોહમ્મદનો આકા મસૂદ અઝહર જીવિત છે. આ વાતની પુષ્ટિ પાકિસ્તાનના એક અખબારમાં મસૂદ અઝહરના પરિવારના હવાલાથી કરવામાં આવી છે. પાકિસ્તાની ન્યૂઝ ચેનલોએ પણ મસૂદ અઝહરના મોતની ખબરને અફવા ગણાવી છે.

ભારત દ્વારા પાકિસ્તાનમાં એર સ્ટ્રાઇક કર્યા બાદ એવી ખબર આવી હતી કે જૈશ-એ-મોહમ્મદના આકા મસૂદ અઝહરની તબિયત ખરાબ થઇ ગઇ છે અને તેને રાવલપિંડીની મિલિટરી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. એ પછી રવિવારે સોશિયલ મીડિયામાં એવી ખબર વહેતી થઇ હતી કે મસૂદનું મોત થઇ ચૂક્યું છે. આ ખબરને પાકિસ્તાની મીડિયાએ નકારી છે. જોકે હકીકત શું છે એ વિશે હજુ કોઇ અધકૃત સ્પષ્ટતા થઇ નથી.

પાકિસ્તાની ન્યૂઝ ચેનલે સંસદ હુમલાના મુખ્ય આરોપી મસૂદ અઝહરના પરિવારના નિકટના સૂત્રોનો હવાલો આપીને કહ્યું કે મસૂદ હજુ જીવિત છે. જોકે તેની તબિયત કેવી છે એ વિશે હજુ કોઇ ખબર મળી નથી. પાકિસ્તાની સરકારે પણ મસૂદ અઝહર મામલે ચૂપકીદી સેવી રાખી છે.

## ન્યુઝ ટ્રેક

### આગ્રામાં શિવરાત્રી પર્વે તોફાન

આગરાના લોહામંડી વિસ્તારમાં ખુલ્લી જમીન પર મૂર્તિ સ્થાપિત કરવાની વાત પર બબાલ થઈ હતી. શિવરાત્રી પર્વે જ બે જૂથો વચ્ચે પથ્થરમારો થતા સાંપ્રદાયિક તણાવ ફેલાયો હતો.

### દિલ્હીમાં કરોડોનો ઈલેક્ટ્રીક બસ કૌભાંડ

ભાજપની દિલ્હી શાખાએ આરોપ મુકતા જણાવ્યુ છે કે દિલ્હીમાં છ હજાર કરોડ રૂપિયાનો ઈલેક્ટ્રીક બસ કૌભાંડ સામે આવ્યુ છે. કેજરીવાલ સરકાર ભ્રષ્ટાચારમાં ડુબી ગઈ છે.

### પાક.માં હવાઈ સેવાઓ પુનઃ સ્થાપિત

પાકિસ્તાને પોતાના હવાઈક્ષેત્રને પૂર્ણ રીતે ખોલી દીધી છે. ભારત સાથે તણાવના કારણે કેટલાક દિવસો સુધી વિમાનોનુ ઉડ્ડયન પાકિસ્તાનના આકાશમાં બંધ કરી દેવાયુ હતુ.

### ઈરાને પાકને ચેતવણી આપી

પાકિસ્તાનની ભૂમિ પર ફુલીફાલી રહેલા આતંકી સમૂહ વિરૂદ્ધ કાર્યવાહી કરવાવાળા દેશોમાં માત્ર ભારત જ સામેલ નથી. ઈરાનમાં પણ પાક સમર્થિત આતંકવાદનો ત્રાસ હોવાથી ઈરાને પણ પાકિસ્તાનને ચેતવણીના સૂરમાં કહ્યુ છે કે જો તેઓ તુરંત આતંકવાદને સમર્થન આપવાનુ બંધ નહી કરે તો તેના ગંભીર પરિણામો ભોગવવા પડશે.

### યુનોમાં મસુદને વૈશ્વિક આતંકી જાહેર કરવાનો પાક વિરોધ નહી કરે!!

મીડિયા રિપોટ્‌ર્સ પ્રમાણે, પાકિસ્તાન સરકારે ભારત સાથેના તણાવને દૂર કરવાના પ્રયાસમાં જૈશ-એ-મોહમ્મદના ચીફ મસૂદ અઝહર સામે કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો છે. રિપોટ્‌ર્સનું માનીએ તો, પાકિસ્તાન સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં આતંકવાદીઓની યાદીમાં અઝહરને સામેલ કરવાના પ્રસ્તાવ અંગે પોતાનો વિરોધ પાછો લઈ શકે છે.

# ત્રાસવાદી અડ્ડાઓના ટાર્ગેટ પર જ બોમ્બ ઝીંકાયા હતા : ધનોવા

નવીદિલ્હી, તા. ૪

પાકિસ્તાનના બાલાકોટમાં ત્રાસવાદી સંગઠન જૈશે મોહમ્મદના અડ્ડાઓ ઉપર ભીષણ હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા. હવાઈ હુમલા બાદ પોતાની પ્રથમ પત્રકાર પરિષદમાં હવાઈ દળના વડા બીએસ ધનોવાએ સ્પષ્ટતા કરતા કહ્યું હતુ કે, એરફોર્સે સફળતાપૂર્વક ટાર્ગેટને હિટ કરવામાં સફળતા મેળવી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે, તમામ બોંબ યોગ્ય અડ્ડા ઉપર ઝીંકવામાં આવ્યા હતા. ટાર્ગેટ હિટ કરવા માટે પ્લાન બનાવવામાં આવ્યા હતા અને પ્લાન મુજબ જ બોંબ ટાર્ગેટ ઉપર પડ્યા છે.

## બાલાકોટ હવાઈ હુમલા બાદ હવાઈ દળના વડાની સ્પષ્ટતા : પાકિસ્તાનના એફ-૧૬ વિમાનોને ખદેડી મુકવા મિગ-૨૧ બાયસનનો ઉપયોગ કેમ કરાયો તે અંગે સ્પષ્ટતા : માનવ લાશની ગણતરી હુમલા વેળા શક્ય નથી

પ્રશ્નોના જવાબમાં કહ્યું હતું કે, પાકિસ્તાન હજુ પણ બાલાકોટમાં આતંકવાદી અડ્ડાઓને ટાર્ગેટ બનાવવાના અહેવાલને રદિયો આપે છે ત્યારે અમે કહી રહ્યા છીએ બાદ પાકિસ્તાન અને કોંગ્રેસ પાર્ટીના થઈ રહેલા પ્રશ્નો વચ્ચે હવાઈ દળના વડા બીએસ ધનોવાએ સ્પષ્ટ માહિતી આપી હતી. ધનોવાએ કહ્યું હતું કે, તમામ બોંબ નક્કી કરવામાં આવેલા લક્ષ્ય ઉપર ઝીંકવામાં હિટ કરવામાં સફળતા મેળવી હતી. તેમણે એમ પણ કહ્યુ હતુ કે, પાકિસ્તાની એફ-૧૬ વિમાનને ખદેડી મુકવા માટે મિગ-૨૧ બાયસન વિમાનનો ઉપયોગ કેમ કરવામાં આવ્યો હતો. એરચીફે કે, તમામ બોંબ યોગ્ય અડ્ડા ઉપર ઝીંકવામાં આવ્યા હતા. ટાર્ગેટ હિટ કરવા માટે પ્લાન બનાવવામાં આવ્યા હતા અને પ્લાન મુજબ જ બોંબ ટાર્ગેટ ઉપર પડ્યા છે.

● અનુસંધાન પાના ૭ પર



# મેડિકલી ફિટ થયા બાદ અભિનંદન ફરજ પર હાજર થઈ શકશે

નવીદિલ્હી, તા. ૪

એરચીફ માર્શલ વિરેન્દ્રસિંહ ધનોવાએ આજે કહ્યું હતું કે, અભિનંદન વર્થમાનની મેડિકલ ફિટનેસને લઈને ચકાસણી ચાલી રહી છે. અભિનંદનને મેડિકલી રીતે ફિટ જાહેર કરવામાં આવ્યા બાદ તેઓ ફરી વિમાન ઓપરેટ કરી શકશે. વિંગ કમાન્ડર પાકિસ્તાની વિમાનને તોડી પાડવાની કાર્યવાહી દરમિયાન હવાઈ સંઘર્ષ વેળા તેમનું વિમાન તુટી પડતા પેરાશૂટથી ઉતરી રહ્યા હતા ત્યારે પવનના લીધે પાકિસ્તાનમાં પહોંચી ગયા હતા જ્યાં તેમને પકડી લેવામાં આવ્યા હતા.

જો કે, પાકિસ્તાનની કસ્ટડીમાંથી હાલમાં જ તેઓ મુક્ત થયા છે. આજે પત્રકારો સાથે વાતચીત કરતા ધનોવાએ કહ્યું હતું કે, અભિનંદનના મેડિકલ ચેકઅપની પ્રક્રિયા ચાલી રહી છે. જો જરૂર હશે તો તેમને વધુ સારવાર આપવામાં આવશે. દુશ્મન દેશમાં જઈને પરત આવ્યા છે જેથી મેડિકલ ચકાસણી કરવામાં આવી રહી છે.

# મહાશિવરાત્રી પર્વે પ્રયાગરાજમાં ત્રિવેણી સંગમ ખાતે કરોડો શ્રદ્ધાળુની આસ્થાની ડુબકી

## ૧૫મી જાન્યુઆરીથી ચાલતા કુંભ મેળાની ભવ્ય પૂર્ણાહૂતિ : અંતિમ સ્નાનમાં પણ વહેલી સવારથી જ શ્રદ્ધાળુનો ધસારો : મહાઆરતી પણ યોજાઈ : આયોજનની ચારેબાજુ પ્રશંસા

પ્રયાગરાજ, તા.૪

મહાશિવરાત્રીના પાવન પર્વ પર પ્રયાગરાજમાં આજે મહાકુંભના અંતિમ સ્નાનમાં



ત્રિવેણી સંગમ ખાતે વહેલી સવારથી લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. શિવરાત્રીને લઈને પ્રયાગરાજમાં પહેલાથી જ તૈયારી પૂર્ણ કરવામાં આવી હતી. આજે કુંભમાં અંતિમ સ્નાનને ધ્યાનમાં લઈને વધુ સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચ્યા હતા. ૧૫મી જાન્યુઆરીથી ચાલી રહેલા મહાકુંભ મેળાના આજે અંતિમ દિવસે પણ કરોડો લોકો સંગમ નગરી પહોંચ્યા હતા. આજે મહાકુંભ મેળાની પૂર્ણાહૂતિ થઈ હતી. આજે સોમવારના દિવસે મહાશિવરાત્રી હોવાથી સોમવતી શિવરાત્રીની સાથે સાથે ૫૧ વર્ષ બાદ અદ્દભુત પુણ્યકારી સંયોગ રહ્યો હતો જેથી વધુ સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચ્યા હતા. વહેલી સવારે પવિત્ર સ્નાનની પ્રક્રિયા શરૂ થયા બાદ સાંજે સાત વાગ્યા સુધી શુભ મુહુર્તમાં શ્રદ્ધાળુઓએ પવિત્ર સ્નાન કર્યું હતું. સવારમાં મહાઆરતી બાદ મંદિરોના પટ શ્રદ્ધાળુઓ માટે ખુલી ગયા હતા. એક દિવસ પહેલા જ લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચી ગયા હતા.

# વાયુસેનાએ કરેલી એર સ્ટ્રાઈક પર ગંદુ રાજકારણ

## ઇન્ટરનેશનલ મિડિયા રિપોર્ટને ટાંકી હવાઈ હુમલાને લઇ કોંગી નેતાઓના આડેધડ પ્રશ્નો : મોતના આંકની સંખ્યાને લઇને પણ ચિદમ્બરમ, સિબ્બલ, સિદ્ધૂ, દિગ્વિજય સહિત નેતાઓએ વાંધાજનક પ્રશ્નો કર્યા

નવી દિલ્હી, તા. ૪

ભારત દ્વારા પાકિસ્તાનના બાલાકોટમાં ઘુસીને આતંકવાદી સંગઠન જૈશે મોહમ્મદના અડ્ડા પર ભીષણ હવાઈ હુમલા કરવામાં આવ્યા બાદ આને લઈને રાજનીતિ વધારે તીવ્ર બની ગઈ છે. કોંગ્રેસના નેતા કપિલ સિબ્બલે ઈન્ટરનેશનલ મિડિયાના રિપોર્ટને રજૂ કરીને વડાપ્રધાન મોદી પાસેથી જવાબની માંગ કરી છે. ઈન્ટરનેશનલ મિડિયામાં કહેવામાં આવ્યું છે કે, કોઈ ત્રાસવાદીના મોત થયા નથી. આના ઉપર જવાબ મળે તે જરૂરી છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી પી ચિદમ્બરે આ હુમલામાં માર્યા ગયેલા લોકોની સંખ્યા સપાટી ઉપર આવ્યા બાદ પ્રશ્નો ઉઠાવ્યા હતા. પંજાબના મંત્રી નવજોતસિંહ સિદ્ધૂએ પણ સેનાના રાજનીતિકરણ બંધ કરવાની માંગ

● અનુસંધાન પાના ૭ પર





**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

**કોન્ટ્રાક્ટ આપવાનો છે**

- ૩૦,૦૦૦ ટન માટી ખોદાણ કરીને લઈ જવા માટે
- R.C.C. લેબર કામ (૧,૬૦,૦૦૦ ચો. ફૂટ કોમર્શીયલ બિલ્ડીંગ માટે પ્લાયવુડ કપલોગ, શટરીંગ સામાન ધરાવનાર)

Mo. 7574836945
Phone : 079-27509293

**શિક્ષક જોઈએ છે**

જૂન માસથી શરૂ થતા નવા સત્રથી ગુજરાતી માધ્યમની ધોરણ- ૬ થી ૧૨ ની શાળાના માધ્યમિક વિભાગ માટે B.Sc., B.Ed./ M.Sc., B.Ed. એક ગણિત- વિજ્ઞાન શિક્ષક તથા એક નિવાસી શાળાના (ગુ. મા.) ના ગુરૂકુળ વિભાગ માટે ધો.- ૯,૧૦ માં ગણિત, વિજ્ઞાન ભણાવી શકે તેવા, પાર્ટ ટાઈમ શિક્ષક

જરૂરી પ્રમાણપત્ર અને ફોટા સાથે તા.૧૫-૩-૨૦૧૯ સુધીમાં અરજી કરવી.

માનદ્ નિયામકશ્રી (ગુજરાતી માધ્યમ)
તપોવન સંસ્કારપીઠ વિદ્યાલય
મુ. અમીયાપુર, પોસ્ટ: સુઘડ, તા.જી.: ગાંધીનગર-૩૮૨૪૨૪
ફોન: 9429220809